જન્મદિને વધામણી

દિનેશ એફ શાહ
ઉપમંત્રી, ખડાયતા કેળવણી મંડળ, અમદાવાદ
મો. ૯૪૦૮૭ ૮૩૪૯૭

વિજયાબેન પટેલ
લાયોનેસ ક્લબ

સાક્ષી રાવ
મો. ૯૪૨૬૭૦૯૭૧૦

હીર વિવેકભાઈ શાહ
મો. ૯૯૭૯૦ ૯૭૩૯૮

દેવર્ષ દિશાન્ત ગર્ગ
મો. ૮૫૧૧૬ ૧૯૪૬૫

દક્ષ સંદિપકુમાર વ્યાસ
મો. ૯૯૨૪૧ ૯૯૪૯૦

સાહિત્ય સભામાં યુવાપેઢીને વાચનનું ઘેલું લગાડતી માઈક્રોફિક્શન વાર્તાઓ રજૂ થઈ

ગાંધીનગર, તા. ૧૩

દર મહિનાના બીજા રવિવારે છેલ્લાં વીસ વર્ષથી યોજાતી ગાંધીનગર સાહિત્ય સભાની આ માસની બેઠક ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના વડપણ હેઠળ મળી હતી.

નવેમ્બરની માસિક બેઠકમાં 'હું તો આ કરીશ જ' એવા પ્રોમ્પ્ટ સાથે ૧૫૦ શબ્દોની મર્યાદામાં માઈક્રોફિક્શન વાર્તા લખવાનું ઈજન લેખકોને આપવામાં આવ્યું હતું.

'ગુજરાતી માઈક્રોફિક્શન વાર્તાઓ આજની યુવાપેઢીમાં વાચનનો રસ, વાંચવાની ભૂખ જગાડી, તે સંતોષી માતૃભાષાને જીવંત રાખવામાં અત્યારે ટૉનિકનું કામ કરી રહી છે. સમય અને ઈચ્છાને અભાવે નવલકથા-નવલિકા વાંચવાથી દૂર થયેલી યુવાપેઢીને ૬ શબ્દોની ફ્લેશ ફિક્શન, ૫૫ શબ્દોની નૅનોફિક્શન, ૧૦૦ શબ્દોની ડ્રેબલ અને ૧૦૦થી ૩૦૦ શબ્દોની માઈક્રોફિક્શન આકર્ષી રહી છે.' એવું માઈક્રોફિક્શન પર હથોટી ધરાવતા સંજય થોરાતે જણાવ્યું હતું. આ માઈક્રોફિક્શન વાર્તાઓ બાબુ નાયક, મૂળજી પરમાર, એન ડી જોષી, રણછોડ પરમાર, ગુલાબચંદ પટેલ વગેરે દ્વારા રજૂ કરવામાં આવી હતી. દરેક વાર્તાને અંતે એના સુધારા પણ સૂચવવામાં આવ્યા હતા. સંજય થોરાતે પોતાની અખંડ આનંદ અને અન્ય દિવાળી વિશેષાંકમાં આવેલી માઈક્રોફિક્શન વાર્તાઓ ઉદાહરણ સાથે સમજાવી સૌને માઈક્રોફિક્શન લખવા અંગેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આગામી દિવસોમાં ગાંધીનગર સાહિત્ય સભા માઈક્રોફિક્શન વાર્તાનો વર્કશૉપ પણ આયોજિત કરી રહી છે એવો સંતેક તેમણે આપ્યો હતો.

સેરા સેનેટરીવેરના ચેરમેન વિક્રમભાઈ સોમાણી અને તેમના પરિવાર દ્વારા કડી સર્વ વિશ્વવિદ્યાલય કોઈની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલય કડી - ગાંધીનગરના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, ડો. કનુભાઈ પટેલ, સંસ્થાના હોદ્દેદારો સહિત કેમ્પસ ડાયરેક્ટર, વિવિધ વિભાગોના ડાયરેક્ટર, પ્રિન્સિપાલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

સેરા સેનેટરીવેરના ચેરમેનશ્રી વિક્રમજી સોમાણી તેમના પરિવાર સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,કડી દ્વારા સૂચિત વિદુષ સોમાણી ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચની મુલાકાત લીધી હતી. તૈયાર થનાર એન્જીનીયરીંગ કોલેજનું પ્રેઝન્ટેશન નિહાળી સૂચિત કોલેજના ભૂમિ પૂજનની જગ્યા ઉપર જઈ સમગ્ર એન્જીનીયરીંગ કોલેજના લે – આઉટ પ્લાન અને એલીવેશન પ્લાન અને તૈયાર થનાર કોલેજ ઉત્તમ કક્ષાની બને તે અંગે સંસ્થાના કર્ણધારો સાથે વિચાર વિમર્સ કર્યો હતો.શ્રી વિક્રમજી સોમાણી અને પરિવારે સમગ્ર સંસ્થાની મુલાકાત લઈ સંસ્થાની શૈક્ષણિક અને વિવિધ પ્રવૃતિઓની માહિતી મેળવી સંસ્થાની પ્રવૃતિઓને બિરદાવી હતી.

આગામી જાન્યુઆરી માસમાં યોજાઈ રહેલા

માસ્ટર્સ ઍથ્લેટિક્સમાં જોડાવા બાબત

ગાંધીનગર, તા. ૧૩

વર્ષ ૨૦૧૬-૧૭ની ૩૭મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ ઍથ્લેટિક ચૅમ્પિયનશીપ તા. ૬ અને ૭ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ જૂનાગઢ ખાતે મળી રહી છે. આ ચૅમ્પિયનશીપમાં ભાગ લેનારા ખેલાડીઓને રહેવા તથા જમવાની વ્યવસ્થા ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ માસ્ટર્સ ઍથ્લેટિક્સ ઍસોસિએશન તરફથી આપવામાં આવશે.

૩૫ વર્ષની આયુ પૂર્ણ કરનાર ભાઈઓ અને બહેનો દોડ, કૂદ અને ફેંકની સ્પર્ધામાં ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ ૭ ડિસેમ્બર સુધીમાં ઍન્ટ્રી ફૉર્મ્સ માટે કે કે પટેલ (મો. ૯૮૯૮૬ ૧૬૮૦૮) અથવા દશરથસિંહ ચૌહાણ (મો. ૯૯૨૪૩ ૩૪૯૫૦)નો સંપર્ક કરવાનો રહેશે.

(૧) તાજેતરમાં બાલ અધિકાર સપ્તાહ 'હૌસલા ૨૦૧૭'નું આયોજન કયા મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે ?
(એ) મહિલા અને બાળ વિકાસ
(બી) સ્વાસ્થ્ય
(સી) ગૃહ
(ડી) વાણિજ્ય

(૨) કયા દેશના પૂર્વ પ્રધાનમંત્રી કીર્તિ નિધિ બિષ્ટનું તાજેતરમાં નિધન થયું છે ?
(એ) શ્રીલંકા (બી) ભૂતાન
(સી) નેપાળ (ડી) બાંગ્લાદેશ

(૩) તાજેતરમાં કયા દેશના મુખ્ય ન્યાયાધિશ સુરેન્દ્ર કુમાર સિન્હાએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે ?
(એ) પાકિસ્તાન (બી) બાંગ્લાદેશ
(સી) ભૂતાન (ડી) સિંગાપુર

(૪) તાજેતરમાં કયા રાજ્યમાં તંજાવુર જિલ્લામાં ૬૦૦ વર્ષ જૂના મંદિરમાં ખોદકામ દરમિયાન પંચ ધાતુની બનેલી ૧૪ મૂર્તિઓ મળી છે ?
(એ) કેરલ (બી) તેલંગણા
(સી) કર્ણાટક (ડી) તમિલનાડુ

(૫) સંયુક્ત અરબ અમીરાતની અગ્રણી બેન્ક અમીરાત ઍનબીડીએ ભારતના કયા શહેરમાં પ્રથમ શાખાનો આરંભ કર્યો છે ?
(એ) મુંબઈ (બી) નવી દિલ્હી
(સી) શિમલા (ડી) કોલકાતા

(૬) તાજેતરમાં મૃત્યુ પામનાર ગીતા વિશ્વાસ કઈ રમત સાથે સંકળાયેલાં હતાં ?
(એ) ક્રિકેટ (બી) હોકી
(સી) વૉલીબૉલ (ડી) ફૂટબૉલ

(૭) બૉક્સર સીમા પુનિયાએ વિયેતનામમાં યોજાયેલી એશિયન વિમેન ચેમ્પિયનશીપ-૨૦૧૭માં કયો મેડલ પ્રાપ્ત કર્યો હતો ?
(એ) ગોલ્ડ (બી) સિલ્વર
(સી) બ્રોન્ઝ (ડી) એકપણ નહીં

(૮) ૨૦૧૭માં દોહા ખાતે આયોજિત વર્લ્ડ ચેમ્પિયનશીપનો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો ?
(એ) ગીત શેઠી (બી) આદિવ પુનપ્પા
(સી) માઈકલ રસલ (ડી) પંકજ અડવાણી

(૯) કઈ ક્રિકેટ ટીમ ૫૦૦ રણજી ટ્રૉફી મૅચ રમનાર પ્રથમ બની છે ?
(એ) વડોદરા (બી) રેલવે
(સી) મુંબઈ (ડી) તામિલનાડુ

(૧૦) તાજેતરમાં નિધન પામનાર અશોક કાલે કયા ક્ષેત્ર સાથે સંકલાયેલા હતા ?
(એ) ગાયન (બી) ટેનિસ
(સી) રાજનીતિ (ડી) સાઈકલિંગ

ગ્લોબલ ગુજરાતી ફેડરેશન અને એનઆરઆઈ સર્વિસીસ(અમેરિકા)ના સંયુક્ત ઉપક્રમે

ઍનઆરઆઈ સેતુરત્ન ઍવોર્ડ એનાયત કરાયા

ગાંધીનગર, તા. ૧૩

એ એ મ એ ના જે. બી. એડિટોરિઅમમાં ગ્લોબલ ગુજરાતી ફેડરેશન અને શાહ એનઆરઆઈ સર્વિસીસ (અમેરિકા)ના સંયુક્ત ઉપક્રમે એનઆરઆઈ સેતુરત્ન એવોર્ડ એનાયત કરાયા હતા.

આ સમારંભમાં મુખ્ય મહેમાન પદે સી. કે. પટેલે એવોર્ડીને અભિનંદન આપતા ૧૯૬૦ના દાયકાનાં પોતાનાં સ્મરણો વાગોળ્યાં હતા. તેમણે કહ્યું હતું કે દરેક વ્યક્તિએ વતન સાથેના સંબંધને પ્રેમ અને આદરથી જાળવવો જોઈએ. અતિથિ વિશેષ ડો. બ્રિજેશ પટેલે પ્રાસંગિક પ્રવચન કરતાં એવોર્ડ વિજેતાઓની સફળતાને બિરદાવી હતી. આ સમારંભમાં સર્વ શ્રી શાહિદ પરવેઝ (એપોલો હોસ્પિટલ), શ્રી પરાગ દેસાઈ (વાઘબકરી ગ્રુપ), શ્રી સી.કે. પટેલ (સામાજિક ક્ષેત્ર), શ્રી જિતેન્દ્રભાઈ અને બિપીનભાઈ ચૌહાણ (જેડ બ્લુ), શ્રી પ્રફુલ નાયક (આઈના સંસ્થા), શ્રી જયેન્દ્ર અને હર્ષદ જાટકિયા (જાટકિયા સ્ટુડિયો, ફોટોગ્રાફી ક્ષેત્ર), શ્રી હેમંત શાહ (એનઆરઆઈ પેરેન્ટ્સ એસોસિએશન, અમદાવાદ), શ્રી દિપકભાઈ ચોટાઈ (તલોદ ગૃહ ઉદ્યોગ), શ્રીમતી સ્મિતાબહેન શેઠ (મનપસંદ મેરેજ બ્યુરો), શ્રી જિતેન્દ્ર અઢિયા (મોટિવેટર સ્પીકર), શ્રી દિપકભાઈ ઠક્કર (વર્લ્ડ ટ્રેડ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ), શ્રી ડો. પિયુષ પટેલ (આરોગ્ય) અને ડો. પાર્થ ઓઝા અને સંજય ઓઝા (સંગીત કલા)નો સમાવેશ થતો હતો. દરેક એવોર્ડીને સન્માનપત્ર અપાયું હતું. સન્માનપત્રનું વાચન તુષાર શુક્લ, આર જે ધ્વનિત, અનિલ ચાવડા, હરદ્વાર ગૌસ્વામી, લતા હિરાણી, ડો. મેહુલ દામાણી, ઉન્મેષ દિક્ષિત, સિદ્ધાર્થ ઠક્કર, બિના આચાર્ય, સિમ્પલ ઠક્કર, યોગેશ ઠક્કર, શૈલેષ રાવલ વગેરેએ કર્યું હતું.

દરેકે એવોર્ડીએ સુંદર રીતે પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો હતો.

અનિવાર્ય કારણોસર આ સમારંભમાં મહેમાન તરીકે દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ઉપસ્થિત રહી શક્યા નહોતા. તેમણે પોતાનો શુભેચ્છા સંદેશ મોકલી આપ્યો હતો.

આ પ્રસંગે ગ્લોબલ ગુજરાતી ફેડરેશન વિશે વાત કરતાં અનિતા તન્નાએ જણાવ્યું હતું કે પાંચમા વર્ષમાં પ્રવેશેલી આ સંસ્થા એનઆરઆઈ સમુદાયને ધ્યાનમાં રાખીને વિવિધ નવા ઉપક્રમો શરૂ કરશે. ખાસ કરીને એનઆરજીના દસ્તાવેજીકરણ પર વધારે ધ્યાન અપાશે. તેમણે ઉમેર્યું હતું કે હવે દર વર્ષે એનઆરઆઈ સેતુરત્ન એવોર્ડ વિવિધ શહેરોમાં અપાશે. એનઆરઆઈ સર્વિસીસના મહેશભાઈ શાહે પોતાની કંપની દ્વારા એનઆરઆઈ સમુદાયને અપાતી સેવાનો ચિતાર આપીને કહ્યું હતું અમને આનંદ છે કે આવાં કાર્યો કરવાની અમને તક મળે છે. રમેશ તન્નાએ કહ્યું હતું કે દરિયાપાર વસતા ૬૫ લાખ એનઆરજી સમુદાય સાથે વતનનો નાતો અનેક રીતે જીવંત રહેતો હોય છે. કેટલીક વ્યક્તિ વિશેષ અને સંસ્થા વિશેષ તેમાં સેતુ બનવાનું કામ કરે છે. તેમની કામગીરીને આ રીતે બિરદાવવામાં આવી હતી. આ એવોર્ડમાં સ્મૃતિચિહ્ન, સન્માનપત્ર, શાલ, ચરખો, તુલસીનો છોડ તથા પુસ્તક એનાયત કરાયો હતો.

આ સમારંભમાં મોટી સંખ્યામાં એનઆરઆઈ મિત્રો, અમદાવાદ શહેરના વિવિધ ક્ષેત્રના વ્યક્તિવિશેષ, સાહિત્યકારો, કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

એ પ૬ મિનિટ તો આખી દુનિયાના ૧૩૦ કરોડ લોકો બેબાકળા બની ગયા

નવેમ્બર ૩, ૨૦૧૭. શુક્રવારનો એ દિવસ. બપોરના લગભગ દોઢથી અઢી વાગ્યાના સમયગાળામાં વિશ્વના મોટા ભાગના દેશોમાં લોકો સાવ ઓશિયાળા બની ગયા. ૫૫-૬૦ મિનીટ માટે દુનિયા જાણે કે થીજી ગઈ. ભારત, અમેરિકા, બ્રિટન, વિયેતનામ, મ્યાનમાર, શ્રીલંકા, સાઉદી અરેબીયા સહિત વિશ્વના અનેક દેશના લોકો આ સમયગાળામાં હતપ્રભ બની ગયા. આની પાછળનું મુખ્ય કારણ બે કલાક માટે વોટ્સએપનું સર્વર ડાઉન થઈ ગયું હતું. લોકો વોટ્સએપ સેવાનો ઉપયોગ કરી શકતા ન હતાં.

વોટ્સ એપ વિનાની એ ૫૬ મિનિટમાં તો આખા વિશ્વમાં ઊહાપોહ મચી ગઈ. ભારતીય સમય અનુસાર નવેમ્બર ૩ના રોજ બપોરે ૧.૩૦ કલાકે લોકો બાઘા બનીને એકબીજાની સામું ડાફોળીયા મારતા હતા. સેલ ફોનના કી પેડ મચડી મચડીને એકબીજાને પૂછતા હતાં કે, 'યાર, તારે કનેક્ટીવીટી છે? વોટ્સ એપ ચાલે છે? ' કોઈ ઉત્સાહીએ ગુગલ ઉપરથી શોધી કાઢ્યું કે, વોટ્સએપ સર્વર ઠપ થઈ ગયું છે. ગણતરીની સેકંડોમાં આ સમાચાર વાયુ વેગે વિશ્વ સમસ્તમાં ફરી વળ્યા. મોં વકાસીને બેઠેલા કોઈ કહેતાતા કે, 'વોટ્સએપ ખલાસ થઈ ગયું...વોટ્સએપ હેક થઈ ગયું...તો વળી કોઈએ કહ્યું કે, ઓવર મેસેજીંગને કારણે વોટ્સએપ સેવા ફેશ થઈ ગઈ...' ઘણાં તર્કો અને ગપ્પાઓ આ છપ્પન મિનીટમાં પ્રારંભની પાંચ-સાત મિનિટમાં વહેતાં થઈ ગયાં. અને પછી એકાદ કલાકમાં વોટ્સએપ મેસેજીસથી એન્ડ્રોઈડ ફરી ધમધમવા લાગ્યાં ત્યારે લોકોના જીવમાં જીવ આવ્યો. જાણે કે ઉગતા સુરજના પહેલાં કિરણોથી કળી ખીલીને પુષ્પ થઈને સુગંધ પ્રસરાવતી હોય એમ લોકોના મોઢા પર હાશકારો આવ્યો. 'ફૂલ ઓફ ઓકસીજનલ થી ફેફસાં ભરાય અને શરીર આનંદ અનુભવે તેમ લોકો પાછા મોજમાં આવી ગયા.

આ સમગ્ર ઘટનાનું જરા અલગ રીતે મુલ્યાંકન કરી જોઈએ. વાતના મૂળમાં એ છે કે, માનવીને માનવી સાથે હંમેશા કનેકટેડ રહેવું ગમે છે. સંબંધો માનવીનો સહજ સ્વભાવ છે. હજુ હમણાં એટલે કે, એક દસકો પણ નથી થયો વોટ્સએપને એન્ડ્રોઈડ ફોનમાં આવ્યાને. અને સંબંધોની પરિભાષા શીખવતી વોટ્સએપની દુનિયા લોકોના જીવનનું અભિન્ન અંગ બની ગઈ છે. બ્રાયન એકટોન અને જેમ કાઉમે યાહુમાંથી છૂટા થઈને ૨૦૦૯માં વોટ્સએપનો પ્રારંભ કર્યો. સંબંધોને સાચવાના મૂળ સ્વભાવને બહેલાવતી અને સહેલાવતી આ એપ્લિકેશને જોતજોતામાં દુનિયાભરના ૧૩૦ કરોડ લોકોના મનમસ્તિસ્કમાં સંબંધોની સુવાસ ભરી દીધી છે. વૈજ્ઞાનિક સંશોધનો કહે છે કે, માનવી અનાજ લીધા વગર ૨૧થી ૨૫ દિવસ જીવી શકે. પાણી પીધા વગર ૩થી ૪ દિવસ રહી શકે. હવા-ઓક્સિજન વગર પાંચથી દસ મિનિટ જીવી શકે. પણ પૌરાણિક કાળથી આજના આધુનિક સમયમાં પણ અને કદાચ ભવિષ્યમાં યુગો સુધી વાસ્તવિકતા એ છે અને રહેશે કે માનવી સંબંધ વગર રહી શકતો નથી. માનવી માનવી વગર જીવી શકતો નથી. સંબંધો વગર પ્રતિ પળ એ ગુંગળાય છે. પાણી વગર માછલી તડપે એમ એ એક એક ક્ષણ છટપટાય છે.

વોટ્સએપ સંબંધો અને લાગણીઓને વહેવડાવતું જોરદાર માધ્યમ બની ગયું છે. કદાચ એટલે જ એ ૫૬ મિનિટનો વોટ્સએપ સેવા વગરનો સમય લોકોને ૫૬ યુગ જેવો અહેસાસ કરાવી ગયો. મજાની વાત એ છે કે, કઈ બાબતને કયા એંગલથી મૂલવવામાં આવે છે. વોટ્સએપના દૂષણો અને વોટ્સએપના ફાયદાઓ બંને પાસા છે. સંબંધોની પરિભાષાને શબ્દોથી, તસવીરોથી, ઓડિયો-ઓડિયો વિઝ્યુલથી સજાવતી, સવારતી સુવાસિત કરતી વાતનો વિકાસ વોટ્સએપનો એક દ્રષ્ટિકોણ છે અને વોટ્સએપથી સમયનો દૂરૂપયોગ થાય ફેસ ટુ ફેસ ન મળી એન્ડ્રોઈડમાં જ ખૂંપ્યા રહેવાની વાત વગેરે વગેરે બીજો દ્રષ્ટિકોણ છે. સવાલ દ્રષ્ટિકોણનો છે. વોટ્સએપ મેસેઝીસ સેવા કયા એંગલથી જોવાય છે એ અગત્યનું છે.

વિશ્વના ૧૩૦ કરોડ વોટ્સએપ યુઝર્સ અને એમાં પણ પ્રતિદિન ૧૦ લાખ યુઝર્સનો વધારો ઝીંકાતો જાય છે. રોજે રોજ ૬૨૦૦ કરોડ જેટલા મેસેજીસ અને ૪૨૦૦ કરોડ જેટલી તસવીરો વોટ્સએપ ઉપર સંબંધોને મજબૂતાઈ આપે છે. આ ઉપરાંત સંવેદનાને વાચા આપતાં ૧૨૫ કરોડ ઉપરાંત વિડીયો વોટ્સએપમાં પ્રતિદિન લાગણીઓનો ધોધ વહેવડાવે છે. પછી વિચારી જૂઓ કે એક મિનિટ પણ વોટ્સએપ અટકે તો શ્વાસ અટક્યા જેવું ન લાગે? જીવ ગભરાવા ન લાગે? માણસ બેબાકળો ન થઈ જાય?

જો કે વિશ્વના કેટલાક રાષ્ટ્રો એવા પણ છે કે, જેમણે વોટ્સએપની સેવાઓ અટકાવી પણ દીધી છે. જોકે એમણે પોતાની અલગ મેસેજીસ સિસ્ટમને પ્રોત્સાહન આપવાની કોશિષશ પણ કરી છે. પણ એમાં માનવીય સંવેદના અને સંબંધોની સજાવટનું મૂળ તત્ત્વ જ રહેલું છે. ન્યુયોર્ક ટાઈમ્સના અક અહેવાલ અનુસાર સપ્ટેમ્બર ૨૦૧૭માં ચીનમાં વોટ્સએપ સર્વિસિસ લોક કરી દેવામાં આવી હતી. ઝીઓનીસ્ટ અમેરિકન ઝૂકર બર્ગે ફેસબુક સેવા સાથે વોટ્સએપ સેવાનું ગઠબંધન કર્યું એટલે ઈરાન સરકારે મે ૯, ૨૦૧૪ના રોજ વોટ્સએપ સેવાનો ઉપયોગ ઈરાનમાં બંધ કરાવી દીધો. ટર્કીમાં રશિયન એમ્બેસેડર પર થયેલા હુમલાને કારણે ટર્કીમાં ટેમ્પરરી બેઈઝ ઉપર ૨૦૧૬માં વોટ્સએપ મેસેઝીસને 'બેન' કરવામાં આવ્યા હતાં. બ્રાઝીલના મોબાઈલ પ્રોવાઈડર્સને ૪૮ કલાક માટે વોટ્સએપ મેસેજીસ રોકવા માટે ૧૭ ડિસેમ્બર-૨૦૧૭ના રોજ આદેશ આપવામાં આવ્યો હતો. ખેર વોટ્સએપ સેવા ઉપર કોઈ પણ રાષ્ટ્ર પ્રતિબંધ લગાવી શકે છે પણ માનવીય લાગણી અને સંવેદના વ્યક્ત કરતી મેસેજીસ સેવા તો ચાલશે જ કારણ કે માનવીનો મુળતઃ સ્વભાવ ઈશ્વરે એકબીજાની સાથે કનેક્ટેડ રહીને ખુશ રહેવાનો બનાવ્યો છે. માનવી માનવી સાથે જોડાયેલો રહી હસવા માંગે છે. ખુશ રહેવા માગે છે. લાગણી વહેવડાવવા માગે છે. દુઃખ વહેચવા માગે છે. એટલા માટે જ વોટ્સએપ હોય કે વાઈબર હોય મેસેજીસ દ્વારા સંદેશા વ્યવહાર અને પ્રત્યાયન(કોમ્યુનિકેશન)ની પરિભાષા અટકશે નહીં વિકસતી રહેશે.

કોમ્યુનિકેશનની દુનિયા મઝાની દુનિયા છે કોમ્યુનિકેશન વગર વિશ્વની પ્રગતિ શક્ય નથી. વોટ્સ એપ મેસેજીસ કમ્યુનિકેશનની દુનિયામાં એક વિરાટ પગલું છે. વોટ્સએપે માનવીના જીવનમાં અને કોમ્યુનિકેશનની દુનિયામાં સમૂળગી ક્રાંતિ આણી છે. વિશ્વ પ્રસિધ્ધ લેખક વિલિયમ સેક્સપીયરે કોમ્યુનિકેશન માટે સરસ વાત કરી છે કે, લાઘવતાપૂર્ણ લખાણ એ પ્રત્યાયનનો પરમાત્મા છે. સેક્સપીયરની સંક્ષિપ્તિકરણમાં લખાણની વિચારધારાને અદભૂત અને સચોટ રીતે વોટ્સએપ દ્વારા ઉજાગર થતી હોય એમ લાગે છે. વોત્સએપીયા મિત્રોને મોજ આવે એવુ જાણીતા લિખક જેમ્સ હ્યુમે કહ્યું છે કે, સંદેશાવ્યવહારનુ કૌશલ્ય નેતૃત્વ અને સંબંધો વિકસાવવાની અદભૂત કલા છે.

ધબકાર

સાચા કોમ્યુનિકેશનની નિશાની... સમજી શકાય એવુ લખાણ અને ગળે ઉતારી શકાય એવી ચર્ચા.